
## Our industry partners (OIP)

| | | | | |
|---|---|---|---|---|
| HITACHI Inspire the Next / HI-REL Powering Growth | ADITYA BIRLA UltraTech | MACONS | TATA / TATA CONSULTANCY SERVICES | SUPERNOVA |
| WINDSOR Partner in Progress | GUJARAT STATE FERTILIZERS & CHEMICALS LTD. | RATNAMANI METALS & TUBES LTD. | | suvik |
| Topsun Future is Secured | SHARDA MOTOR INDUSTRIES LIMITED | AMMANN Apollo | | KCT Consultancy Services |
| Motherson Sumi Systems Limited | aforeserve | ELITECORE TECHNOLOGIES LTD. | MSME TOOL ROOM - AHMEDABAD | VOLANSYS |
| Sintex We make sense. | HAITIAN INTERNATIONAL | INFINITY INFINITY FOR INFINITE SOLUTIONS | AMTECH | PE |

## સેફ્રોની કોલેજની શૈક્ષણિક ગુણવત્તાની સરાહના



"અમારા લેબ વર્ક અને પ્રોજેક્ટ વર્ક પર કોલેજ - પ્રાધ્યાપકો વિશેષ ધ્યાન આપે છે. સૈધાંતિક જ્ઞાનના ભોગે વ્યવહારુ જ્ઞાન પર ઓછું ધ્યાન અપાય એવું અહીં બનતું નથી. મને એ વાતનો આનંદ છે કે મેં આ કોલેજમાં અભ્યાસ કર્યો..."

આદિત્ય આદેસરા, વિદ્યાર્થી



"એસએઈ બહા (SAE BAJA) અને મેગા એટીવી ચેમ્પીયનશીપ જેવી ટોચની કાર નિર્માણ સ્પર્ધાઓમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતી કોલેજની ટીમમાં વાઈસ-કેપ્ટન તરીકે કામ કરવાનું ગૌરવ મને સેફ્રોની કોલેજમાં મળ્યું છે. ટેકનિકલ અને નોન-ટેકનિકલ બંને બાબતોમાં રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય અનુભવ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને આ કોલેજ અનેક તકો પૂરી પાડે છે..."

ઉત્સવ શાહ, વિદ્યાર્થી

### સ્કોલરશીપ

તેજસ્વી વિદ્યાર્થીઓ માટે આકર્ષક સ્કોલરશીપ ઉપલબ્ધ છે. વિગતો માટે કોલેજનો સંપર્ક કરવા વિનંતી.

શંકુ વોટર પાર્ક નજીક, અમદાવાદ-મહેસાણા રોડ, મહેસાણા.
સંપર્ક : +૯૧ ૯૦૯૯૦૬૩૧૪૦ | +૯૧ ૭૦૪૬૪૬૧૦૦૦
www.saffrony.ac.in | ઇ-મેઇલ : info@saffrony.ac.in

www.abasana.in

S.P.B. PATEL ENGINEERING COLLEGE
SAFFRONY INSTITUTE OF TECHNOLOGY CAMPUS

# S.P.B. PATEL ENGINEERING COLLEGE
SAFFRONY INSTITUTE OF TECHNOLOGY CAMPUS

# ઓટોમોબાઇલ એન્જીનિયરીંગ

*Educating Minds & Hearts...*



Our Students made car - Ranked 4th in India !!

## From HOD's Desk..

મિકેનિકલ એન્જીનિયરીંગ સંલગ્ન ઓટોમોબાઈલ એન્જીનિયરીંગ વાહનોની ટેકનોલોજીમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે એક અત્યંત રસપ્રદ અને રોમાંચક વિદ્યાશાખા છે. સ્નાતક કક્ષાના ચાર વર્ષના આ ડિગ્રી અભ્યાસક્રમ માટે આ સંસ્થામાં પ્રતિ વર્ષ ૬૦ બેઠકો પર પ્રવેશ ઉપલબ્ધ છે.

ઓટોમોબાઈલ એન્જીનિયરીંગના અભ્યાસમાં વાહનની ચેસીસ, આંતરિક જ્વલન યંત્ર ('ઇન્ટરનલ કમ્બશન એન્જીન'), વિદ્યુત અને ઈલેક્ટ્રોનિક પ્રણાલીઓ ('સિસ્ટમ્સ')ની યંત્ર-રચના, મોટર પરિવહન, મરામત અને જાળવણી માટે વર્કશોપ ટેકનોલોજી, સંશોધન અને ડિઝાઈન, કોમ્પ્યુટર સહાયીત ડિઝાઈન('CAD') અને વિકાસ, ઓટોમોબાઇલ ઘટકો ('કોમ્પોનન્ટસ')ના નિર્માણ – ઉત્પાદન અને જાળવણી વગેરે, વાહનોના નિર્માણ અને ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાતી વિવિધ સામગ્રીમાં ચોકસાઈ, દક્ષતા, ટકાઉપણા, અનુકૂલનક્ષમતા ('ADAPTABILITY') ઇત્યાદિનો સમાવેશ થાય છે. નવી મોટરકારો સહિતના વિવિધ વાહનોની ડિઝાઈન અને આવિષ્કાર પડકારરૂપ હોય છે જે વિશેષ યોગ્યતા ધરાવતા લાયક ઈજનેરો આસાનીથી ઝીલી લઇ શકે છે.

આ સંસ્થામાં ઉપલબ્ધ ઓટોમોબાઈલ એન્જીનિયરીંગનો અભ્યાસક્રમ વર્તમાનની આધુનિક વિશ્લેષ્ણાત્મક અને કોમ્પ્યુટર સંલગ્ન ઈજનેરી ('CAE') વ્યૂહરચનાઓ પર ભાર મુકવાની સાથે વાહનોની ડિઝાઈન અને વિકાસ સાથે જોડાયેલો હોઈ વિદ્યાર્થીઓનો મજબૂત પાયો હાંસલ કરવામાં ખુબ જ ઉપયોગી નીવડે છે. અમારા વિદ્યાર્થીઓ એસએઈ બહા (SAE BAJA), મેગા એટીવી ચેમ્પિયનશીપ વગેરે જેવી રાષ્ટ્રીય, આંતર-રાષ્ટ્રીય કક્ષાની કાર-નિર્માણ સ્પર્ધાઓમાં ભાગ લે છે અને તેઓએ ગુજરાતની ટોચની ટીમોમાં સતત મોખરાનું સ્થાન જાળવી રાખ્યું છે. આ અભ્યાસક્રમ ઉત્કૃષ્ટ મોડેલીંગ, પ્રયોગાત્મક તેમજ ડિઝાઈન ક્ષમતા અને ઉત્તમ સંવાદ તેમજ ટીમ-વર્કિંગ કૌશલ્યો ધરાવતા ઈજનેરોના નિર્માણ માટે ડિઝાઈન કરાયેલો છે.

ઓટોમોબાઇલ શાખામાં પ્રવેશ લેવા ઈચ્છતા તમામ વિદ્યાર્થીઓનું હ્રદયપૂર્વક સ્વાગત છે અને એકવાર અમારૂં કોલેજ કેમ્પસ નિહાળવા તેમજ ઓટોમોબાઈલ ઈજનેરીનો માનવ-જીવન પરિવર્તનમાં કેટલો હિસ્સો છે તે જાણવા માટે પધારવા સહુને હ્રદયપૂર્વકનું નિમંત્રણ છે.

શ્રેષ્ઠ શુભકામનાઓ સાથે,
વિભાગીય વડા,
**ઓટોમોબાઈલ એન્જીનિયરીંગ વિભાગ**

વિદ્યાર્થીઓને સર્વાંગી કેળવણી આપવા માટેની વિવિધ પ્રવૃત્તિઓની એક ઝલક.



# ઓટોમોબાઈલ એન્જીનિયરીંગ
## વિદ્યાશાખામાં શા માટે એડમિશન લેવું જોઈએ?

- ભારતનો ઓટોમોબાઈલ ઉદ્યોગ દુનિયાના સૌથી મોટા ઉદ્યોગોમાંનો એક છે. ભારતમાં દર વર્ષે ૨.૪ કરોડ વાહનોનું ઉત્પાદન થાય છે. ભારત દ્વિ-ચક્રી વાહનોમાં જગતનો બીજા ક્રમનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. વ્યાપારિક હેતુઓના તેમજ ઉતારુ વાહનો (કાર વગેરે)ના નિર્માણમાં દુનિયામાં તે પાંચમાં ક્રમાંકે આવે છે. આ ઉદ્યોગની ઉચ્ચ પગારની મોટાભાગની નોકરીઓ ઓટોમોબાઇલ ઈજનેરોને મળે છે.
- ઓટોમોબાઇલ ઈજનેરોને હ્યુન્ડાઈ, સુઝુકી, ઓડી, મર્સિડિસ બેન્ઝ, ફોર્ડ, ફીઆટ, હોન્ડા, શેવરોલે, ટોયોટા, લોમ્બાર્ગીની, જેગવાર, આઈશર, ટાફે, મહિન્દ્રા, તાતા વગેરે જેવી ટોચની રાષ્ટ્રીય, બહુરાષ્ટ્રીય કંપનીઓમાં નોકરીની વિપુલ તકો મળી શકે છે.
- હાલમાં, ભારતભરમાં ૩૭૦૦થી વધુ વાહન ઉત્પાદન એકમોમાં ઓટોમોબાઇલ ઈજનેરોને ઉત્તમ રોજગારી મળી રહી છે.
- ભારત સરકારના અત્યંત મહત્વાકાંક્ષી 'મેઇક ઇન ઇન્ડિયા' અભિયાનને વેગ મળી રહ્યો હોવાથી સંખ્યાબંધ બહુરાષ્ટ્રીય કંપનીઓ ભારતમાં તેમની ઉત્પાદન સુવિધાઓનો મોટાપાયે વિસ્તાર કરી રહી છે.
- ગુજરાત સરકારે વિદ્યાર્થીઓને તેમની પોતાની કંપની સ્થાપવા માટે ૨૦૦ કરોડ રૂપિયાનું 'સ્ટાર્ટ-અપ' ભંડોળ જાહેર કર્યું છે. નવતર વિચારો ધરાવતા ઓટોમોબાઈલ ઈજનેરો આનો લાભ ચોક્કસપણે મેળવી શકે છે.
- આજે ગુજરાત ભારતના ઓટોમોબાઈલ ક્ષેત્રે ધરી સમાન બની રહ્યું છે. તાતા મોટર્સ, જનરલ મોટર્સ, સુઝુકી અને ફોર્ડ જેવી કદાવર કંપનીઓએ ગુજરાતમાં તેમના ઉત્પાદન એકમો સ્થાપ્યા છે. આને કારણે અહીં ઓટોમોબાઇલ ઈજનેરો માટે નોકરીની, રોજગારીની વિપુલ તકોનું સર્જન થયું છે.
- ટેસ્લા મોટર્સ જેવી ઇલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન કરતી મોટી કંપનીઓ ભારતીય બજારમાં પ્રવેશી રહી હોવાથી ઓટોમોબાઇલ ઈજનેરોની માંગ વધવાની જ છે. 'ટેસ્લા' લાયક ઓટોમોબાઇલ ઈજનેરોને વાર્ષિક રૂ. ૧ કરોડથી વધુ શરૂઆતી પગારની ઓફર આપે છે.
- જરા વિચારો, તમે કોઈ કંપનીમાં જુનિયર કક્ષાએ નોકરી મેળવીને પછી જીવનભર એ જ કક્ષાએ રહેવાનું પસંદ કરશો? ડિગ્રી એન્જીનિયરીંગ ભણવાથી તમે કોઈપણ સારી, મોટી કંપનીમાં ઉચ્ચ હોદ્દા માટે લાયક બનો છો.
- શું તમે માત્ર પાંચ-દસ હજારની નોકરી કરીને સંતોષ માનવા માગો છો કે, તાતા, મહિન્દ્રા, બજાજ, સુઝુકી વગેરે જેવી પ્રતિષ્ઠિત કંપનીઓથી તમારી કારકિર્દી શરૂ કરવાનું પસંદ કરશો?
- ડિગ્રી એન્જીનિયરીંગ પછી, તમે ઇન્ડિયન એન્જીનિયરીંગ સર્વિસ – IES પરીક્ષા પસાર કરીને કેન્દ્ર સકારની નોકરીમાં જોડાઈ શકો છો.
- ડિગ્રી એન્જીનિયરીંગ ભણ્યા વિના તમે સરકારી નોકરીમાં ક્યારેય 'ક્લાસ વન ઓફિસર' બની શકતા નથી.

## ડિગ્રી એન્જીનિયરીંગ – ડિપ્લોમા ઈજનેરોની શ્રેષ્ઠ પસંદગી!

- ડિગ્રીધારી એન્જીનિયરો જેવી ઊંચા પદ અને પગારની નોકરી મેળવવાનું ડિપ્લોમા ઈજનેરો માટે ખુબ જ મુશ્કેલ હોય છે.
- માત્ર ડિપ્લોમાના આધારે સરકારી નોકરીમાં ક્લાસ વન ઓફિસર થવાનું શક્ય જ નથી; સ્નાતક ડિગ્રી અનિવાર્ય છે!
- વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે કે 'પરમેનેન્ટ રેસીડેન્ટ' - PRનો દરજ્જો મેળવવાની તકો ડિગ્રી એન્જીનિયરીંગ ભણ્યા પછી અનેકગણી વધી જાય છે. ડિપ્લોમા
- ડિગ્રી એન્જીનિયરીંગનું ભણતર તમારા સૈધાંતિક તેમજ વ્યવહારુ બંને પ્રકારના જ્ઞાનને સમૃદ્ધ બનાવે છે અને ઔદ્યોગિક ક્ષેત્રે ઉચ્ચ પદ અને પગારની જોબ માટે તમને સંપૂર્ણ રીતે તૈયાર કરે છે.

**જરા વિચારો કે, ડિગ્રી ઈજનેરીના ભણતરનો નિર્ણય નહીં કરવાથી તમારી કારકિર્દી અને ભાવિ જીવનનું કેટલું નુકસાન થશે... ટૂંકમાં કહીએ તો, જો તમે તમારી ઉજ્જવળ કારકિર્દી ઘડવા વિષે ગંભીર હો તો, તમારૂં હવે પછીનું પગલું ડિગ્રી એન્જીનીયરીંગમાં પ્રવેશ લેવાનું જ હોવું જોઈએ!**

**...અને, ઉત્કૃષ્ટ એન્જીનિયર બનવા માટે પસંદ કરવી જોઈએ એસપીબી પટેલ એન્જીનિયરીંગ કોલેજ (સેફ્રોની)!**

**કેમકે, અમે તમારી મહત્વાકાંક્ષાઓને સારી રીતે સમજીએ છીએ!**

## અમારી લેબોરેટરીઓની એક ઝાંખી

અમે ગૌરવપૂર્વક કહી શકી છીએ કે, અમારી કોલેજની લેબોરેટરીઓ સમગ્ર ઉત્તર ગુજરાતની તમામ ઈજનેરી કોલેજોમાં શ્રેષ્ઠતમ છે.



